પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૮૯ | ૭ જુન, ૨૦૧૮, ગુરૂવાર; અ. જેઠ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

ભારતનો પ્રસ્તાવ સ્વીકારે પાક : વર્લ્ડબેંક

કિશનગંગા બંધ પરિયોજના મામલે ભારતની ફરિયાદ કરવા વર્લ્ડબેંક પહોંચેલા પાકિસ્તાનને ભારતનો પ્રસ્તાવ સ્વીકારવાની સલાહ અપાઈ છે.

મથુરા-બનારસમાં હાઈ એલર્ટ

આતંકવાદી સંગઠન લશ્કરે તોયબાના એરિયા કમાન્ડર મૌલાના અબુ શેખના નામે ધમકીભર્યો પત્ર મળતા મથુરા, વારાણસી સહિત અન્ય સ્થળોએ હાઈ એલર્ટ જાહેર કરાયું છે.

વિરોટ કોહલી ૧૦૦ ધનવાન ખેલાડીઓમાં સામેલ

ફોર્બ્સે દુનિયાના ૧૦૦ સૌથી વધુ ધનવાન ખેલાડીઓનું લીસ્ટ જાહેર કર્યુ છે. આ લીસ્ટમાં વિરાટ કોહલી એક માત્ર ભારતીય ખેલાડી છે.

નકલી દવા વેચનારાઓ અને માલિકને આજીવન કેદની સજા

દર્દીઓના જીવન સાથે ચેડાં કરી કેટલીક કંપનીઓ નકલી દવા બનાવી તગડો નફો રળી રહી છે ત્યારે હવે સરકારે આવી બોગસ દવા વેચનારી માર્કેટિંગ કંપનીઓ સામે પણ આકરી નીતિ બનાવી છે કે જો કોઈ કંપની આવું વેચાણ કરતાં પકડાશે તો તેના સંચાલકો અથવા માલિકને આજીવન કેદ થઈ શકે છે.

રેપો અને રિવર્સ રેપોરેટમાં વધારો

મોદી શાસનમાં પ્રથમ વખત રેટમાં વધારો કરવામાં આવ્યો : રિઝર્વ બેંક દ્વારા પોલિસી સમીક્ષા જારી : સીઆરઆર તેમજ એસએલઆરને ક્રમશઃ ૪ ટકા, ૧૯.૫ ટકાના દરે જાળવવા નિર્ણય : રિઝર્વ બેન્કે જાહેર કરી ધિરાણ નીતિ, નવા રેપો રેટ ૬.૨૫ ટકા, નવો રિવર્સ રેપો રેટ ૬ ટકા થયો

મુંબઈ, તા. ૬

આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં છ સભ્યોની મોનિટરી પોલિસી કમિટિની મિટિંગના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા હતા. તમામ અર્થશાસ્ત્રીઓની ગણતરી આજે એ વખતે ઉંધી વળી ગઈ હતી જ્યારે આરબીઆઈએ વ્યાજ દરમાં અથવા તો રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરી દીધો હતો. આની સાથે જ રેપોરેટ વધીને ૬.૨૫ ટકા થઈ ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સત્તામાં આવ્યા બાદ એટલે કે સાડા ચાર વર્ષના ગાળામાં રિઝર્વ બેંક દ્વારા પ્રથમ વખત રેટમાં વધારો કરવામાં આવ્યો છે. મોદી સરકાર મે ૨૦૧૪માં પ્રચંડ બહુમતિ સાથે સત્તામાં આવી હતી.

આરબીઆઈની પોલિસી સમીક્ષાની બેઠક શરૂ થયા બાદ જુદા જુદા પાસાઓ ઉપર વિચારણા કરાયા પછી આજે પરિણામ જાહેર કરાયા હતા જેમાં રેપો અને રિવર્સ રેપોરેટમાં વધારો કરવામાં આવ્યો છે. રિવર્સ રેપોરેટ હવે વધારી દેવામાં આવ્યો છે. જો કે, કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર) અને એસએલઆરને ક્રમશઃ ૪ અને ૧૯.૫ ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરાયો છે. એમપીસીએ પોલિસી વલણ તટસ્થ રાખ્યું છે. આ નાણાંકીય વર્ષની આ બીજી એમપીસીની દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા હતી. મની માર્કેટ સાથે જોડાયેલા લોકો

● અનુસંધાન પાન-૭ પર

રેપો રેટ વધતા હોમ, કાર, ઓટો લોન મોંઘી થશે

મુંબઈ,તા. ૬

વ્યાજદરમાં રાહત મળવાની રાહ જોઈ રહેલા સામાન્ય લોકોને આજે મોટો ફટકો પડ્યો હતો. રિઝર્વ બેંકે આ સંદર્ભમાં આજે પરિણામ જાહેર કર્યા હતા અને રેપોરેટમાં વધારો કર્યો હતો. રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યા બાદ રેપોરેટ વધીને હવે ૬.૨૫ ટકા થઈ ગયો છે. રિવર્સ રેપોરેટ પણ છ ટકા કરી દેવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં કોમર્શિયલ બેંકો તરફથી આપવામાં આવતા હોમલોન, ઓટો લોન સહિત તમામ લોન મોંઘી થઈ ગઈ છે. બેંકો તરફથી માર્જિનલ કોસ્ટ આધારિત ધિરાણદરમાં વધારો કરવામાં આવી શકે છે. કહેવાનો મતલબ એ છે કે, બેંકો પણ હવે લોનના દરોમાં વધારો કરી શકે છે. કેટલીક બેંકોએ પહેલાથી જ વધારો કરી દીધો છે. દેશની સૌથી મોટી બેંક એસબીઆઈએ પહેલાથી જ બે વખત વ્યાજદરમાં વધારો કર્યો છે. ગયા સપ્તાહમાં જ બેંકે કોઈપણ અવધિ માટે એમસીએલઆરમાં ૧૦ બેઝિક પોઈન્ટનો વધારો કર્યો હતો. એચડીએફસી બેંક, પંજાબ નેશનલ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, કોટક મહિન્દ્રા બેંક, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ તરફથી પણ વધારો કરવામાં આવ્યો છે. બેંક લોન લેવા ઈચ્છુક લોકોને ફટકો પડ્યો છે. હાલમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ છુટછાટને અમલી કરવામાં આવી નથી. આવકના આધાર પર સરકાર દ્વારા આપવામાં આવેલી

સેનાએ ત્રણ આતંકી ઠાર કર્યા

શ્રીનગર,તા.૬

જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓની ઘૂસણખોરીનો મોટો પ્રયાસ નાકામિયાબ બનાવ્યો છે. ભારતીય સરહદમાં ઘૂસવાની કોશિશ કરી રહેલા ત્રણ આતંકવાદીઓને અથડામણ દરમિયાન ઢાળી દીધા છે. એલઓસી પર માછીલ સેક્ટરમાં સુરક્ષા દળોએ ફરી એકવાર આતંકીઓના નાપાક ઈરાદાઓને નેસ્ત નાબૂદ કર્યા હતા. આજે સવારે ભારતીય સરહદમાં ઘૂસવાની કોશિશ કરતા સેનાએ ત્રણેય આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

દરમિયાન જમ્મુ-કાશ્મીરના બાંદીપોરા જિલ્લાના હાજિનમાં મંગળવારે મોડી રાત્રે આતંકીઓએ આર્મી કેમ્પ પર હુમલો કર્યો હતો. ૧૩ રાષ્ટ્રીય રાઈફલ્સ અને હાજિન પોલીસ સ્ટેશનની બંને બાજુથી લગભગ ચારથી છ આતંકીઓ આવ્યા હતા અને આર્મી તેમજ પોલીસ બંને પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું. આતંકીઓએ અન્ડર બેરલ ગ્રેનેડ લોન્ચરથી આઠ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

મીડિયા રિપોર્ટ અનુસાર આતંકીઓએ પોલીસ સ્ટેશનને પણ નિશાન બનાવ્યું હતું. આર્મીએ જોકે તાત્કાલિક મોરચો સંભાળી લીધો હતો અને જડબેસલાક જવાબ આપતાં આતંકીઓ ફરાર થઈ ગયા હતા. આતંકીઓના આ હુમલામાં બે જવાન ઘાયલ થયા હતા.

અહેવાલો અનુસાર આતંકીઓએ સૌ પહેલાં આર્મી કેમ્પના દરવાજા પર કેટલાય ગ્રેનેડ ફેંકયા હતા અને ત્યાર બાદ ફાયરિંગ શરૂ કર્યું હતું, પરંતુ આર્મીએ સતર્કતા દાખવીને વળતો જવાબ આપતાં આતંકીઓએ ભાગી જવું પડયું હતું. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે આ આતંકવાદી હુમલો નહોતો. ત્યાર બાદ આર્મીએ

● અનુસંધાન પાન-૭ પર

તો ૧૦ દિવસમાં એમપીના ખેડૂતોનું દેવુ માફ કરાશે : રાહુલ

મધ્ય પ્રદેશના મંદસૌરમાં કોંગ્રેસ અધ્યક્ષે ખેડૂત રેલીને સંબોધિત કરી

મંદસૌર,તા.૬

દેશભરમાં ચાલી રહેલા

ખેડૂત આંદોલન વચ્ચે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી આજે મધ્ય પ્રદેશના મંદસોર પહોંચ્યાં હતાં. ગત વર્ષે મંદસોરમાં વિરોધ પ્રદર્શન દરમિયાન કરવામાં આવેલા પોલીસ ગોળીબારમાં ૬ લોકોના મોત નિપજ્યાં હતાં. આજે આ ઘટનાને એક વર્ષ પુરૂ થઈ રહ્યું છે. કોંગ્રેસે આ પ્રસંગે 'કિસાન સમૃદ્ધિ સંકલ્પ રેલી'નું આયોજન કર્યું હતું.

રાહુલ ગાંધીએ ખેડૂતોની રેલીને સંબોધિત કરતા કહ્યું કે જે દિવસે મધ્ય પ્રદેશમાં કોંગ્રેસની સરકાર બનશે તેના દસ દિવસમાં ખેડૂતોનું દેવુ માફ કરવામાં આવશે. આમ રાહુલ ગાધીએ લોકસભા ૨૦૧૯ની ચૂંટણીનો એક રીતે શંખનાદ પણ કરી દીધો છે.

રેલી પહેલા રાહુલ ગાંધીએ પોલીસ ગોળીબારમાં ગત વર્ષે માર્યા ગયેલા મધ્ય પ્રદેશના પાટીદાર સહિતના ખેડૂતોના પરિવારજનો સાથે મુલાકાત કરી સંવેદના પ્રગટ કરી હતી. આ દરમિયાન ભાવુક દ્રશ્યો સર્જાયા હતા અને મૃતકોના પરિવારજનો રાહુલ ગાંધીને ભેટીને રડી પડ્યા હતા.

રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, જે કોંગ્રેસ કાર્યકર્તા જમીન સાથે જોડાયેલો રહેશે, આગામી સરકાર બનતા તેને જ સ્થાન આપવામાં આવશે.

મંદસૌરમાં આયોજીત રેલીમાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મોદી સરકાર પર પ્રહારો કરતાં કહ્યું હતું કે, ૧ વર્ષ પહેલા

● અનુસંધાન પાન-૭ પર

કર્ણાટકમાં કુમારસ્વામી મંત્રીમંડળનું વિસ્તરણ

૨૪ ધારાસભ્ય અને એક વિધાન પરિષદ સભ્યના મંત્રી પદના શપથ : બસપના એક ધારાસભ્યને કેબિનેટમાં સ્થાન

બેંગ્લોર,તા. ૬

કર્ણાટકમાં લાંબી ખેંચતાણ બાદ મુખ્યમંત્રી એચડી કુમારસ્વામીએ આજે પોતાના કેબિનેટનું વિસ્તરણ કર્યું હતું. જેમાં ૨૪ એમએલએ અને એક એમએલસીને પ્રધાનપદ માટે શપથ લીધી હતી. જેથી હવે મુખ્યમંત્રી, નાયબ મુખઅયમંત્રી સહિત કુલ ૨૭ સભ્યોનું કેબિનેટ થઈ ચુક્યું છે. કર્ણાટકમાં હવે માત્ર સાત સીટ જ જ ખાલ રહી ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિભાગોના વિભાજનને લઈને ચાલી રહેલી ખેંચતાણ બાદ આજે કર્ણાટકમાં કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. જો કે શપથગ્રહણ કાર્યક્રમના પૂર્વે કોંગ્રેસના ધારાસ્યો અને સમર્થકોએ કેબિનેટની યાદીને લઈને નારાજગી વ્યક્ત કરી હતી અને વિરોધ પ્રદર્શન કર્યું હતું. ત્યારબાદ શપથગ્રહણ સમારોહ શાંતિપૂર્વક સંપન્ન થયું હતું. શપથવિધિ શરૂ થતાં જ સૌપ્રથમ જેડીએસ તરફથી મુખ્યમંત્રી કુમારસ્વામીના ભાઈ એચડી રેવન્ના અને કોંગ્રેસ તરફથી ડીકે શિવકુમારે શપથ લીધા હતા. ત્યારબાદ કેજે જ્યોર્જે મંત્રીપદ માટે શપથ લીધા હતા. ત્યારબાદ પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને ચૂંટણીમાં હરાવનાર જેડીએસના ધારાસભ્ય જીટી દેવગૌડાએ પણ મંત્રી પદ માટેના શપથ લીધા હતા. કેબિનેટના વિસ્તરણમાં બસપાના એક ધારાસભ્યને પણ સ્થાન મળ્યું છે. કોંગ્રેસના કુલ ૧૫ અને જેડીએસ (બસપા ધારાસભ્ય) સાથે નવ ધારાસભ્યોએ મંત્રીપદ માટેના શપથ લીધા હતા.

પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઘટાડો

પેટ્રોલમાં ૧૧ અને ડિઝલમાં ૮ પૈસાનો ઘટાડો : આઠ દિવસમાં પેટ્રોલમાં ૭૧ પૈસા અને ડીઝલમાં ૫૧ પૈસાનો ઘટ્યા

ન્યુ દિલ્હી,તા.૬

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલમાં થયેલા ભાવ ઘટાડાને લઈને પેટ્રોલ અને ડીઝલની કીમતોમાં રાહત મળી છે. આજે પેટ્રોલની કીમતમાં ૧૧ પૈસા અને ડીઝલની કીમતમાં ૮ પૈસાનો ઘટાડો થયો છે. સતત આઠમા દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થયો છે. ઈન્ડિયન ઓઈલની વેબસાઈટ પર અપડેટ પ્રાઈઝ અનુસાર દિલ્હીમાં અત્યારે પેટ્રોલની કીમત ૭૭.૭૨ રૂપિયા અને ડીઝલની કીમત ૬૮.૮૦ રૂપિયા પ્રતિલીટર થઈ ગઈ છે. છેલ્લા ૮ દીવસમાં રાજધાની દીલ્હીમાં પેટ્રોલમાં ૭૧ પૈસા અને ડીઝલમાં ૫૧ પૈસા પ્રતિલીટર ઘટાડો થયો છે. ઈન્ટરનેશનલ માર્કેટમાં છેલ્લા ૧૦ દીવસમાં ક્રૂડમાં ૬ ડોલર પ્રતિ બેરલથી વધારે ઘટાડો થયો છે. ગઈકાલે ક્રૂડ ૧.૬ ટકા સુધી ઘટીને ૭૩.૮૧ ડોલર પ્રતિ બેરલ સુધી આવી ગયું છે.

આજનો યુવા નોકરી માગનારો નહીં, નોકરી આપનારો છે : મોદી

વડાપ્રધાને વીડિયો કોન્ફરન્સ દ્વારા યુવા ઉદ્યોગકારો સાથે વાત કરી

ન્યુ દિલ્હી,તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે વીડિયો કોન્ફરન્સ દ્વારા યુવા ઉદ્યોગીઓ સાથે વાત કરી હતી. મોદીએ તે ઉદ્યોગીઓ સાથે વાત કરી હતી જેમણે સ્ટાર્ટ અપ ઈન્ડિયા અંતર્ગત તેમના ઉદ્યોગની સ્થાપના કરી છે. વડાપ્રધાને કહ્યું હતું કે, આજે આપણો યુવાન રોજગારી માંગનાર નથી પરંતુ રોજગાર આપનાર બની રહ્યો છે. આપણે દેશના યુવા દેશોમાંથી એક છીએ. નોંધનીય છે કે, મંગળવારે પણ પીએમ મોદીએ નમો એપ દ્વારા આવાસ યોજનાઓના લાભાર્થીઓ સાથે વાત કરી હતી.

ઁસ મોદીએ કહ્યું કે, છેલ્લા ચાર વર્ષથી સરકારે યુવકોની તાકાતા વધારવા માટે કામ કર્યું છે. સ્ટાર્ટ અપ ઈન્ડિયાની શરુઆત કરવાનો હેતુ યુવકોને શક્તિ આપવાનો છે. પીએમએ કહ્યું કે, પહેલાં સ્ટાર્ટ અપ માત્ર ટિયર-૧ સિટીમાં રાખવામાં આવતા હતા પરંતુ અમે સાબીત કર્યું કે, ટિયર-૨ અને ટિયર-૩માં પણ વધારે સ્ટાર્ટ અપ થઈ શકે છે.

વડાપ્રધાને કહ્યું કે, આજે દેશમાં માત્ર શહેરોમાં નહીં પરંતુ ગામડામાં યુવકો આગળ વધી રહ્યા છે. આ દરમિયાન તેમણે અમૂક આંકડાઓ પણ રજૂ કર્યા છે. તેમણે જણાવ્યું કે, અત્યારસુધી જે સ્ટાર્ટઅપ થયું તેમાં ૪૫ ટકા મહિલાઓ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. આ દરમિયાન વડાપ્રધાને દેશના ઘણાં ભાગમાં યુવાનો સાથે સીધી વાત કરીને તેમના અનુભવ વિશે જાણ્યું હતું.

દેશના યુવાનોને સ્વરોજગાર કરવા પ્રેરિત કરવા માટે પીએમ મોદીએ સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી મહત્વકાંક્ષી યોજના શરૂ કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૬માં સ્ટાર્ટઅફ ઈન્ડિયાની શરૂઆત કરી હતી. તે દરમિયાન પીએમ મોદીએ કહ્યું હતું કે, જો તમે કઈ કરવા માગો છો તો તે માટે પૈસા મહત્વના નથી. જે કરે છે તેને જ દેખાય છે કે, શું થવાનું છે. દેશનો યુવક જોબ ક્રિએટર બને.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય